**<u>સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર,ગુજરાત(એસ..એલ..ડી.સી)ની નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૨ -૧૩ માટે ટેરીફ ડીટરમીનેશન બાબતેની અરજીનું ટૂંકમાં વિવરણઃ</u>**

(૧) સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર માટે ના દર નિયત કરવાનું અને નિયમન કરવાનું કામ ઇલેકટ્રીસીટી એકટ, ૨૦03ના સેકશન3૧, ૩૨(3),૬૧ થી ૬૨ તથા ૬3 અને ૮૬ મુજબ ગુજરાત વિજ નિયમન પંચ દ્વારા કરવામાં આવે છે.

(૨) સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ગુજરાત દ્વારા વિજ નિયમન પંચ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૨ -૧૩ માટે ટેરીફ ડીટરમીનેશન બાબતેની અરજી કેસ નં.૧૧૫૧/૨૦૧૧ સદર પંચ દ્વારા જારી કરાયેલા '' મલ્ટી ઇયર ટેરીફ ફ્રેમવર્ક રેગ્યુલેશન, ૨૦૧૧''ની જોગવાઇ હેઠળ રજૂ કરેલ છે. અગાઉ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ગુજરાત. દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ના દ્વિતીય નિયત્રંણ સમય માટે મલ્ટી ઇયર ટેરીફ પીટીશન કરેલ હતી જેની ગુજરાત વિજ નિયમન પંચ દ્વારા તા.3૧/03/૨૦૧૧ના ટેરીફ ઓર્ડરથી મંજૂર કરાઇ હતી.

(3) સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ગુજરાત ની નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૨ -૧૩ માટે ટેરીફ ડીટરમીનેશનની સમરી નીચે દર્શાવેલ છે.

અ. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ગુજરાત દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ના ટ્રુ અપ માટે રૂ.૧૮૪.૧૫ લાખની ગણત્રી કરેલ છે.

બ. નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે મંજૂર કરેલ એગ્રીગેટ રેવન્યુ રીકવાયરમેન્ટ તેમજ નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯થી ૨૦૧૦-૧૧ ના પ્રથમ નિયંત્રણ પિરીયડ દરમ્યાન મળવાપાત્ર રકમ ધ્યાને લઇ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ગુજરાત દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ માટે ટેરીફ પ્રપોઝલ નીચે મુજબ છે.

## <u>સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર</u> <u>ની એગ્રીગેટ રેવન્યુ રીકવાયરમેન્ટ અંગેની માહિતીઃ</u>

| વિગત | એકમ | નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ |
|---|---|---|
| કેપેક્ષ | રૂપિયા લાખમાં | ૨,૫૫૨.૦૦ |
| કુલ ઓપરેશન ચાર્જીસ | રૂપિયા લાખમાં | ૨,૧૦૩.૯૯ |
| કુલ કેપીટલ ચાર્જીસ | રૂપિયા લાખમાં | ૨૪૧.૪૯.૦૦ |
| ટોટલ જનરેશન કેપેસીટી | મેગાવોટ | ૧૮,૫૩૮.૦૦ |
| ટોટલ એલોકેશન કેપેસીટી (બેનીફીસીયરી) | મેગાવોટ | ૨૩.૬૬૩.૦૦ |
| એસ..એલ..ડી.સી ચાર્જીસ | રૂપિયા/મેગાવોટ/માસ | ૪૧૫.૪૭ |
| એસ..એલ..ડી.સી ફી | રૂપિયા/મેગાવોટ/ અડધુ વર્ષઁ | ૨૮૬.૧૨ |

<u>અગત્યના નાણાકીય ઘટકોનું વિવરણઃ</u>

- રીટર્ન ઓન ઇકવીટી (મુડી પરનું વળતર) -૧૪ ટકા દરે નિયત નિયમન મુજબ જ નિર્ધારીત કરેલ છે.

- ડેપ્રીસીએશન(ધસારો)- કેન્દ્રીય વિજ નિયમન પંચ દ્વારા નવા નિયત દર મુજબ રહેશે.

- ઇન્ટરેસ્ટ ઓન લોંગ ટર્મ લોનનું વ્યાજ ૧૦.૫૦ ટકાના દરે નિર્ધારીત કરેલ છે.

- સંચાલન અને નિભાવ ખર્ચ – સંચાલન અને નિભાવ ખર્ચ મલ્ટી ઇયર ટેરીફ રેગ્યુલેશન, ૨૦૧૧માં દર્શાવ્યા પ્રમાણે ગણત્રીમાં લીધેલ છે.

- વર્કીંગ કેપીટલ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ઇન્ટરેસ્ટ ઓન વર્કીંગ કેપીટલના ઘટકોની ગણત્રી નીયત નિયમન પ્રમાણે પરંતુ વ્યાજનો દર ૧૦.૨૫ ટકાના દર પ્રમાણે ગણવામાં આવશે.